


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

75 Azadi Ka Amrit Mahotsav

G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE






પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જૂન 30, ૨૦૨૩ • અષાઢ સુદ ૧૨ સંવત ૨૦૭૯



NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Mohammad Shahid, IAS**
Hon'ble Chairman, GSNRGF,
Principal Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF



Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## સુરતમાં ૧.૫૩ લાખ નાગરિકોએ એક જ સ્થળે એક સાથે કોમન યોગ પ્રોટોકોલથી યોગ કરીને વિશ્વ વિક્રમ સર્જ્યો







આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરત ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ૧.૫૩ લાખ નાગરિકો એક સાથે એક જ સ્થળે યોગાભ્યાસમાં જોડાયા અને વિશ્વ વિક્રમ સર્જ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ટીમ ગુજરાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની અભૂતપૂર્વ ઉજવણી કરી છે.

સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૧.૫૭ કરોડથી વધુ નાગરિકો ‘યોગમય ગુજરાત’ અભિયાનમાં જોડાયા હતા. એટલે કે અંદાજ કરતા ૩૨ લાખ વધુ નાગરિકો યોગાભ્યાસમાં સહભાગી થયા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વિટ કરીને સુરતના વિશ્વ વિક્રમ બદલ ટીમ ગુજરાતને અભિનંદન પાઠવ્યા છે.

તા.૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરત ખાતે આયોજિત રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં સહભાગી થયેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતુ હતું કે, આપણી સ્વાસ્થ્ય ધરોહર યોગને વૈશ્વિક સ્વીકૃતિ મળી ચૂકી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સાર્થક પ્રયાસોથી વિશ્વભરમાં યોગવિદ્યા પ્રચલિત બનતા ભારત માતાને અનેરૂ ગૌરવ




વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.



મળ્યું છે. રાજ્યમાં યોગને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે યોગ બોર્ડની સ્થાપના કરી છે, પરિણામે ૫,૦૦૦ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે એમ જણાવી આ પ્રયાસોને વધુ આગળ વધારતા રાજ્યમાં નવા ૫૧ યોગ સ્ટુડિયોનું નિર્માણ કરાશે એમ તેમણે ઉમેર્યું હતું. ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત રાજ્ય કક્ષાના યોગદિન કાર્યક્રમમાં સમગ્ર સુરત યોગમય બન્યું હતું. એક સાથે એક સ્થળે ૧.૫૦ લાખ નાગરિકોએ યોગાભ્યાસમાં જોડાઈ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ દર્જ કરાવ્યું છે. સુરતના વિશ્વ વિક્રમ બનવાની આ ઐતિહાસિક ક્ષણે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસના પ્રતિનિધિઓએ અધિકૃત જાહેરાત કરી હતી તેમજ મુખ્યમંત્રીશ્રીને રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઇકોનિક સ્થળો ઉપરાંત તમામ જિલ્લાઓમાં ઠેર ઠેર યોગ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ૧.૫૩ લાખ નાગરિકો કુલ ૧૨.૫ કિમી પાથ પર આ યોગાભ્યાસ કરી ટીમ ગુજરાતે ગિનિઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન હાંસલ કર્યું છે.



રાજ્યભરમાં યોજાયેલા કાર્યક્રમોમાં દરેક જિલ્લામાં લાખો લોકો મળીને રાજ્યભરમાં કુલ ૧,૫૭,૪૭,૭૬૮ લોકો યોગાભ્યાસમાં જોડાયા હતા.

રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની સાથોસાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથા પોલીસ સ્ટેશનો સહિત તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં



નાગરિકોએ ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સમગ્ર ગુજરાતને અભિનંદન પાઠવ્યા છે.

(Sources & Photo Courtesy : https://cmogujarat.gov.in, https://gujaratinformation.gujarat.gov.in)

# અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી માટે ગુજરાત પરિભ્રમણ યોજના

બિન-નિવાસી ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક જાળવવા, ગુજરાતી સંસ્કૃતિની જાળવણી કરવા, બિન-નિવાસી ગુજરાતીઓ પોતાના જ્ઞાન કૌશલ્ય અને નાણાકીય સ્ત્રોતોનો ઉપયોગ કરી રાજ્યના વિકાસમાં સહભાગી બની શકે અને તેઓના પ્રશ્નો અને સમસ્યાઓના હકારાત્મક ઉકેલ લાવી તેઓને ગુજરાતીપણાનો અહેસાસ કરવાના ઉદ્દેશથી રાજ્ય કક્ષાએ બિન-નિવાસી ભારતીય પ્રભાગ - ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન કાર્યરત છે.

પ્રવર્તમાન સમયમાં અન્ય રાજ્યોમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી પોતાના વતનની સંસ્કૃતિ, અસ્મિતા, માતૃભાષા સાથે સતત સંપર્ક જાળવી તે વારસાને અનુભવે, અનુસરે તે હેતુથી બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢી ગુજરાતની મુલાકાત લેતી થાય, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે તે માટે તેઓ માટે 'યુવા બિન-નિવાસી ગુજરાતીઓ માટે ગુજરાત પરિભ્રમણ યોજના' નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ અન્ય રાજ્યોમાંથી ભાગ લેનાર યુવા બિન-નિવાસી ગુજરાતીઓના ગ્રુપે સબંધિત રાજ્યમાંથી કાર્યક્રમ માટે ગુજરાત (અમદાવાદ) આવવા તથા પરત જવા અંગેનો ખર્ચ જે તે ગ્રુપે/વ્યક્તિએ ભોગવવાનો રહે છે. કાર્યક્રમ દરમિયાન ગુજરાતમાં પહોંચ્યા પછી પરિવહન (ટ્રાન્સપોર્ટેશન), રહેવા-જમવા તથા સ્થળ મુલાકાત અંગેની સુવિધા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન તરફથી કરવામાં આવે છે.

### યોજનાના મુખ્ય ઉદ્દેશો:-

(૧) બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીનો રાજ્ય સાથે જીવંત સંપર્ક સ્થાપિત કરીને રાજ્ય સાથે જોડવી.

(૨) અન્ય રાજ્યમાં વસતાં યુવા ગુજરાતીઓએ કે જેઓને ગુજરાતના મૂળ સાથે જોડવાની તક મળેલ નથી, તેઓને ગુજરાતના મૂળ સાથે જોડવા.

(૩) ગુજરાતની વિસરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, ઇતિહાસ, ભૌગોલિક વિશેષતા સાથે રસસભર પરિચય કરાવીને માતૃભૂમિ અને અસ્મિતા સાથે વધુ ગાઢ સબંધ પ્રસ્થાપિત કરવો.

(૪) બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાત રાજ્યના વિવિધ પાસાઓ તથા રાજ્યના વિકાસથી માહિતગાર કરવા.

### યોજનાની મુખ્ય વિશિષ્ટતા:

(૧) ગુજરાત તથા અન્ય ક્ષેત્રોના વિકાસ પર પ્રેઝન્ટેશન.

(૨) નામાંકિત યુનિવર્સિટીઓ, કોલેજો, પ્રતિષ્ઠાનો, વેપારી મંડળો સાથે વાર્તાલાપ યોજવા; ગામો, ઔદ્યોગિક એકમો, મહત્વના પ્રોજેક્ટની મુલાકાત.

(૩) ઉચ્ચ શૈક્ષણિક તથા ટેક્નીકલ/વ્યવસાયિક શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગ, ઉર્જા, ઈન્ફર્મેશન ટેક્નોલોજી સેવાઓ જેવા ક્ષેત્રોમાં આગવુ મહત્વ ધરાવતા સ્થળોની મુલાકાત. ગુજરાતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોની ગાઇડ સાથે મુલાકાત.

(૪) સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવો.

(૫) ગુજરાતી ભાષા, યોગ, હાથવણાટ, નૃત્ય તથા રસોઈ કળાના વર્કશોપ યોજવા. રાજ્યના મહાનુભાવો જેવા કે માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રી, સાહિત્યિક ક્ષેત્રે સંકળાયેલ મહાનુભાવો, કળા અને સાંસ્કૃતિક ક્ષેત્રના મહાનુભાવો સાથે મુલાકાત કરવી.

(૬) મીડીયા સાથે વાર્તાલાપ.

### કાર્યક્રમની રૂપરેખા:-

આ કાર્યક્રમ માટે વાર્ષિક (નાણાકીય વર્ષ) મહત્તમ સંખ્યા ૫૦ યુવા બિન-નિવાસી ગુજરાતી અને ૨૫-૨૫ના બે ગ્રુપમાં રહેશે. ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને જે તે રાજ્યનાં રજીસ્ટર્ડ ગુજરાતી સમાજોના પરામર્શમાં તારીખ નિર્ધારિત કરે છે. કાર્યક્રમનો સમયગાળો ૧૦ દિવસનો રહેશે. જેમાં આઠ દિવસ ગુજરાત ભ્રમણ, ગુજરાત દર્શન અને મુલાકાત માટે અને બે દિવસ વર્કશોપ માટે રહેશે. આ કાર્યક્રમ માટે ઉમેદવારોની ઉંમર ૧૮ થી ૨૬ વર્ષ અને તેઓ મૂળ ગુજરાતી(NRGs) હોવા જોઈએ. ભાગ લેનાર સ્નાતકનો અભ્યાસ કરતા હોવા જોઈએ અથવા સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર




બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# વડોદરાની રિશ્મીનના પ્રોજેક્ટનો ઉપયોગ દુબઈના અમીરાતના ૨૦ લાખથી વધુ લોકો કરે છે.



વડોદરાની ૨૬ વર્ષીય રિશ્મીન ચશ્માવાલાએ એઆઇ, બ્લોકચેન, રોબોટિક પ્રોસેસ, ઓટોમેશન અને કસ્ટમ સૉફ્ટવેર જેવી ટેકનોલોજીના વ્યાપક ડોમેનમાં દુબઈ સરકાર સાથે પ્રોજેક્ટ પર કામ કર્યું છે. નાની ઉંમરમાં તેના કૌશલ્ય અને સિદ્ધિઓને જોઈને દુબઈ સરકારે તેને ગોલ્ડન વિઝા આપ્યા છે. ઉલ્લેખનીય છે કે રિશ્મીનના દુબઈ સરકાર સાથે કસ્ટમર સર્વિસ સાથે સંકળાયેલા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્રોજેક્ટનો ઉપયોગ આજે દુબઈના અમીરાતમાં ૨૦ લાખથી વધુ લોકો કરી રહ્યા છે. રિશ્મીને વડોદરાના ગોત્રીની આનંદ વિદ્યાલય અને બ્રાઇટ ડે સ્કૂલ ખાતે અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેમણે બિઝનેસ અને ફાઇનાન્સ ગ્રેજ્યુએશનનો કોર્સ દુબઈની યુનિવર્સિટીમાંથી કર્યો અને હવે દુબઈમાં જ ખાનગી કંપનીમાં નોકરી કરી રહ્યા છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૭.૬.૨૦૨૩)

# શ્રી પ્રજાપતિ એસો. યુ.કે. દ્વારા ૧૦મા સિનિયર્સ સ્નેહ મિલન સમારોહનું આયોજન

શ્રી પ્રજાપતિ એસોસિએશન યુ.કે. દ્વારા ૨૧ મે ૨૦૨૩ના રોજ બર્મિંગહામના રાધાસ્વામી રસીલા સત્સંગ કેન્દ્ર ખાતે ૧૦મા સિનિયર્સ સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી પ્રજાપતિ એસોસિએશન (SPA) બર્મિંગહામના અન્ય ૭૦ સ્વયંસેવકો સાથે યુ.કે.ના ૧૪ વિવિધ શહેરો અને નગરોના ૬૫૦ જેટલા આદરણીય વડીલોએ ભાગ લીધો હતો. વરિષ્ઠ સમિતિના અધ્યક્ષ બળવંતભાઈ મિસ્ત્રી (લંડન) દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. એજ યુકેના સર્વિસ મેનેજર અને હેડ ઓફ ઓપરેશન્સ દ્વારા અંગ્રેજી અને હિન્દીમાં પ્રી-રિટાયરમેન્ટ અને પોસ્ટ રિટાયરમેન્ટ પ્લાનિંગ માટે ખૂબ જ માહિતીપ્રદ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૦ વર્ષ પૂર્ણ કરનાર મણીબેન નારણભાઈ હરી (વોલ્સોલ) અને નારણભાઈ પુરષોત્તમભાઈ મિસ્ત્રી (લંડન)નું ભેટ આપી સન્માન કરાયું હતું. નવી સિનિયર્સ કમિટીના અધ્યક્ષ તરીકે અનિલભાઈ મિસ્ત્રી (લુટન)ને ચૂંટવામાં આવ્યા હતા.

(Sources : www.garavigujarat.biz)




# વડોદરાની ટ્રાયથ્લેટ રિધ્ધિ કદમની એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતનું પ્રતિનિધિત્વ કરવા પસંદગી



૨૩ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર ૨૦૨૩ દરમિયાન ચીનના હાંગઝોઉ ખાતે યોજાનારી એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે વડોદરાની ટ્રાયથ્લીટ રિદ્ધિ કદમની પસંદગી કરવામાં આવી છે. વડોદરાની ટ્રાયથ્લોન એથ્લેટ પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. રિદ્ધિએ ચેન્નાઈમાં સિલેકશન ટ્રાયલમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું અને એશિયન ગેમ્સ માટે તેની પસંદગી થઈ હતી. રિદ્ધિ આ પ્રતિષ્ઠિત ઈવેન્ટ માટે સખત તાલીમ લઈ રહી છે. ટ્રાયથલોનમાં ૧૫૦૦ મીટર સ્વિમિંગ, ૪૦ કિમી સાયકલિંગ અને ૧૦ કિલોમીટર દોડ સામેલ હોય છે. આ માટે રિદ્ધિનો સમય ૨ કલાક ૨૦ મિનિટ છે જે સુધારવા તે સખત પ્રેક્ટિસ કરી રહી છે. રિદ્ધિ ગુજરાત રેસિડેન્શિયલ એકેડેમી ઓફ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની ખેલાડી હતી. તે સ્વિમિંગમાં સેન્ટર ઓફ એક્સેલન્સ પ્લેયર પણ હતી.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

# જુના ગુજરાતી લુહાર વિકાસ સમિતિની બેઠક યોજાઇ



કડોડિયા જુના ગુજરાતી લુહાર સમિતિ દ્વારા તાજેતરમાં સરસ્વતી શિશુ મંદિર હેમડા (ઝાલાવાડ, રાજસ્થાન) ખાતે જાનકીલાલ લુહારની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ પ્રકાશ લુહારે આગામી દિવસોમાં સન્માન સમારોહ યોજવા અંગ માહિતી આપી હતી. હેમડા નિવાસી જાનકીલાલ લુહારે ભગવાન વિશ્વકર્માના મંદિરના નિર્માણ માટે જમીન દાન કરવાની જાહેરાત કરી હતી.

(Sources : www.bhaskar.com)

# જર્મનીમાં ભારતીય કામદારોને સરળ વિઝા



૫૦ હજારથી વધુ કુશળ શ્રમિકોના અભાવે મંદીનો સામનો કરી રહેલા જર્મનીની સરકારે યુરોપીયન યુનિયનની બહારના વિદેશી કામદારોને આકર્ષવા માટે નવા ઈમિગ્રેશન બિલને મંજૂરી આપી છે. જર્મનીમાં પૂરતા કામદારો નથી મળી રહ્યા. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જર્મન ઈકોનોમી (IW) દ્વારા એપ્રિલમાં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે ગયા વર્ષે વિવિધ ઉદ્યોગોમાં લગભગ ૬,૩૦,૦૦૦ નોકરીની ખાલી જગ્યાઓ ભરી શકાઈ ન હતી. જર્મનીના લેબર મિનિસ્ટર હુબર્ટસ હીલે ભય વ્યક્ત કર્યો હતો કે જો કોઈ પગલાં લેવામાં નહીં આવે તો ૨૦૩૫ સુધીમાં ૭૦ લાખ કામદારોની અછત સર્જાઈ શકે છે. અત્યાર સુધી સ્થળાંતર કરનાર વિદેશીઓ કામદારો જર્મનીની સરખામણીમાં વધુ અનુકૂળ વાતાવરણ ધરાવતા યુએસ અથવા કેનેડા જેવા દેશો પસંદ કરતાં રહ્યા છે. જર્મનીની ફેડરલ એમ્પ્લોયમેન્ટ એજન્સીના વડાએ અગાઉ કહ્યું હતું કે કામદારોની અછતને દૂર કરવા જર્મનીને દર વર્ષે વિદેશમાંથી ચાર લાખ કુશળ કામદારોની જરૂર પડશે. વિદેશી પ્રતિભાને આકર્ષવા જર્મની કાયદાને વધુ અનુકૂળ બનાવી રહ્યું છે. સુધારાના ભાગ રૂપે, જર્મની 'ઓપોર્ચ્યુનિટી કાર્ડ' અથવા ચાન્સેનકાર્ટે નામના નવા જોબ સીકર્સ વિઝા રજૂ કરવાની યોજના ધરાવે છે. આનાથી રોજગાર શોધતા લોકોને જર્મની આવી નોકરીની શોધ કરવા એક વર્ષનો સમય મળશે. રેસિડેન્સ એક્ટમાં પણ ફેરફાર કરવામાં આવશે. અત્યાર સુધી કોઈ વ્યક્તિ પ્રવાસી વિઝા પર જર્મનીમાં પ્રવેશે અને તેને જર્મનીમાં નોકરીની ઓફર કરવામાં આવે તો તેણે પહેલા દેશ છોડવો પડે છે અને નવા વિઝા માટે અરજી કરવી પડે છે. ભવિષ્યમાં, આની જરૂર રહેશે નહીં, જર્મનીમાં રોકાણ દરમિયાન તે મુજબ વિઝા બદલવાનું શક્ય બનશે.

(Source : www.thelocal.de)

# અમદાવાદમાં US કૉન્સ્યુલેટ શરૂ થશે




વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન ગુજરાતીઓ માટે સારા સમાચાર આવ્યા છે. વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારી જણાવ્યુ હતું કે યુએસ અમદાવાદ અને બેંગલુરુમાં બે નવી કૉન્સ્યુલેટ કચેરી શરૂ કરશે તથા ભારત સિએટલમાં નવું દૂતાવાસ ખોલશે. આ સાથે ગુજરાતમાં અમેરિકી વાણિજ્ય દૂતાવાસ શરૂ કરવા વર્ષ ૨૦૧૦થી ગુજરાતની માગ ૧૩ વર્ષે પૂર્ણ થઈ છે. વ્હાઈટ હાઉસના અધિકારીના જણાવ્યા અનુસાર નવી કૉન્સ્યુલેટ કચેરીથી ભારત-અમેરિકા વચ્ચેનું સામાજિક અને આર્થિક જોડાણ વધુ મજબૂત થશે. અત્યાર સુધી ગુજરાતમાં વસતા નાગરિકોને અમેરિકાના વિઝા માટે મુંબઈ સુધી લાંબુ થવું પડતું હતું. હવે અમદાવાદમાં આ કચેરી શરૂ થતાં લોકોનો સમય અને પૈસા બંને બચશે. અમેરિકાના વિઝા માટે એપ્લાય કરવામાં સિનિયર સીટીઝન પણ મોટા પ્રમાણમાં હોય છે જે અમેરિકામાં રહેતા તેમના પરિવારને મળવા જાય છે. હાલમાં અમેરિકાના કૉન્સ્યુલેટ નવી દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ, કોલકાતા અને મુંબઈમાં છે. ગુજરાતમાંથી અમેરિકાના વિઝા માટે એપ્લાય કરતાં લોકોને મુંબઈ જવું પડે છે.

(Source : https://sandesh.com)

# અમેરિકા એચ-1 બી વિઝા રિન્યૂ કરવાની પ્રક્રિયા સરળ બનાવશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા વચ્ચે અમેરિકન સરકારે એચ-૧ બી વિઝાની રિન્યૂ પ્રક્રિયા સરળ બનાવવાની જાહેરાત કરી છે. આ કેટેગરી ભારતના આઈટી પ્રોફેશનલ્સમાં ખૂબ પોપ્યુલર છે અને આ કેટેગરીના કુલ વિઝાધારકોમાંથી ૭૩ ટકા ભારતીયો છે. એચ-૧ બી વિઝાધારકો હવે દેશમાં રહીને જ બીજા ત્રણ વર્ષ માટે વિઝા રિન્યૂ કરી શકશે. અત્યારે એક વખત વિદેશયાત્રા કર્યા બાદ કે સ્વદેશ પાછા આવ્યા બાદ ફરીથી એચ-૧ બી વિઝા માટે અરજી કરવાની જોગવાઈ છે. વડાપ્રધાન શ્રી મોદીની અમેરિકા મુલાકાત વચ્ચે અમેરિકન સરકાર વિઝાનીતિમાં ફેરફાર કરશે એવી જાહેરાત થઈ છે. ખાસ તો સૌથી વધુ જે વિઝા લઈને ભારતીય આઈટી નિષ્ણાતો અમેરિકા જાય છે એ એચ-૧ બી વિઝાની રિન્યૂ પ્રક્રિયા સરળ બનાવાશે. અત્યારે આ પાયલટ પ્રોજેક્ટ હશે એટલે અમુક ભારતીયો સહિત વિદેશી નાગરિકોને આ સુવિધા આપવામાં આવશે. તે પછી મોટાપાયે તેનો લાભ મળતો થશે.

અમેરિકામાં ૨૦૨૨ પ્રમાણે ૪,૪૨,૦૦૦ એચ-૧ બી વિઝાધારકો છે. એમાંથી ૭૩ ટકા તો ભારતીયો છે. દર વર્ષે અમેરિકન સરકાર આઈટી કંપનીઓને ૬૫,૦૦૦ એચ-૧ બી વિઝા આપે છે. એટલે કે અમેરિકન ટેકનોલોજી કંપનીઓ આટલી સંખ્યામાં વિદેશી આઈટી પ્રોફેશનલ્સને નોકરીમાં રાખી શકે છે. એમાં ભારતની અમેરિકામાં કામ કરતી ટીસીએ અને ઈન્ફોસિસ ઉપરાંત ગૂગલ, ફેસબુક, એમેઝોન અને માઈક્રોસોફ્ટ મુખ્ય છે. આ વિઝા ત્રણ વર્ષ માટે મળે છે અને તે પછી ફરીથી ત્રણ વર્ષ માટે રિન્યૂ થાય છે. પરંતુ તે માટે એક વખત સ્વદેશ આવી જવું પડે છે અથવા બીજા દેશમાં જઈને ફરીથી અરજી કરવાની રહે છે. નવી જોગવાઈ પ્રમાણે અત્યારે એચ-૧ બી વિઝા લઈને કાર્યરત આઈટી પ્રોફેશનલ્સ પણ ફરીથી વિદેશમાં કે સ્વદેશ પાછા ફર્યા વગર અરજી કરીને ત્રણ વર્ષ માટે વિઝા રિન્યૂ કરાવી શકાશે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ગયા વર્ષે ૧.૨૫ લાખ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપ્યા હતા. આ અત્યાર સુધીનો રેકોર્ડ છે. આટલી મોટી સંખ્યામાં અમેરિકાએ પહેલી વખત કોઈ દેશના વિદ્યાર્થીઓને સ્ટડી માટે વિઝા આપ્યા હતા.

(Source : www.gujaratsamachar.com)



# GIFT સિટી ગુજરાતમાં ગૂગલ ફિનટેક સેન્ટર ખોલશે - PM મોદીને મળ્યા બાદ સુંદર પિચાઇએ કરી જાહેરાત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૧થી ૨૩ જૂન દરમિયાન અમેરિકાના ત્રણ દિવસીય રાજકીય પ્રવાસ પર હતા. આ દરમિયાન તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન, વાઇસ-પ્રેસિડન્ટ કમલા હેરિસ અને અમેરિકાના અન્ય અગ્રણી નેતાઓ તેમજ યુએસની દિગ્ગજ કંપનીઓના ટોચના અધિકારીઓને મળ્યા હતા. PM મોદીએ ગૂગલના ભારતીય મૂળના સીઇઓ સુંદર પિચાઈ સાથે પણ મુલાકાત કરી હતી. મોદીને મળ્યા બાદ પિચાઈએ ગુજરાત બાબતના Googleના મોટા પ્લાનની જાહેરાત કરી હતી.

ગૂગલ ભારતમાં ડિજિટાઈઝેશન માટે ૧૦ બિલિયન ડોલર (લગભગ ૮૨ હજાર કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ વડાપ્રધાન મોદીને મળ્યા બાદ આ માહિતી આપી હતી. સુંદર પિચાઈએ GIFT સિટી, ગુજરાતમાં ગ્લોબલ ફિનટેક ઓપરેશન સેન્ટરની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી. PMOએ ટ્વીટ કર્યું હતું કે પીએમ અને પિચાઈ વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફિનટેક અને રિસર્ચ અને ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાના ઉપાયો પર ચર્ચા થઈ હતી. ગૂગલ તેનું વૈશ્વિક ફિનટેક ઓપરેશન સેન્ટર ગુજરાતમાં શરૂ કરશે. કંપનીના સીઈઓ સુંદર પિચાઈએ મોદી સરકારના મુખ્ય અભિયાન 'ડિજિટલ ઈન્ડિયા' માટે વડાપ્રધાનના વિઝનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, "ડિજિટલ ઈન્ડિયાને લઈને વડાપ્રધાનનું વિઝન સમય કરતાં ઘણું આગળનું છે. તેમણે એવી બ્લૂપ્રિન્ટ તૈયાર કરી છે જે અન્ય દેશો માટે ઘણી ઉપયોગી છે."

ગિફ્ટ સિટીના એમડી અને સીઇઓ શ્રી તપન રેએ કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં ફિનટેક સેન્ટર સ્થાપિત કરવાનો ગૂગલનો નિર્ણય ફિનટેક લેન્ડસ્કેપમાં ભારતના સતત વધી રહેલા પ્રભુત્વનો પુરાવો છે. આ નિર્ણય ગિફ્ટ સિટીને વૈશ્વિક ફિનટેક બનાવવાના પીએમ મોદીના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

(Source : www.divyabhaskar.co.in)

# અમેરિકન કંપની માઇક્રોન ગુજરાતમાં ૬૭૬૦ કરોડના ખર્ચે ચિપ પ્લાન્ટ સ્થાપશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન અમેરિકન મેમરી ચિપ ફર્મ માઇક્રોન ટેકનોલોજીએ ગુજરાતમાં ૮૨૫ મિલિયન ડોલર (આશરે રૂ. ૬૭૬૦ કરોડ)ના ખર્ચે સેમિકંડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટી પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી છે. તે આ પ્રકારનો દેશનો પહેલો પ્લાન્ટ હશે.

માઇક્રોને કહ્યું કે, ભારત અને ગુજરાત સરકારના સહકારથી આ ફેસિલિટીમાં કુલ ૨.૭૫ અબજ ડોલરનું રોકાણ કરાશે. જે પૈકી ૫૦ ટકા ભારત સરકાર અને ૨૦ ટકા ગુજરાત સરકાર તરફથી મળશે. નવા પ્લાન્ટ માટે કન્સ્ટ્રક્શનની શરૂઆત ૨૦૨૩ના અંત સુધીમાં થઈ જશે અને સંપૂર્ણ પ્લાન્ટ ૨૦૨૪ના અંત સુધીમાં સંપૂર્ણ તૈયાર થઈને પહેલા તબક્કાનું ઓપરેશન પણ શરૂ થઈ જવાની આશા છે, જ્યારે બીજા તબક્કાનું ઓપરેશન આ દાયકાના મધ્ય સુધી શરૂ થશે. આ યોજનાથી ગુજરાતમાં ૫૦૦૦ લોકોને સીધી રોજગારી મળશે. સેમિકંડક્ટરએ વાહનોમાં વપરાતી ચીપ છે જેનું મોટાભાગનું ઉત્પાદન અત્યારે ચીન અને જાપાનમાં થાય છે જેના કારણે ભારતે આ દેશો પર આધારિત રહેવું પડે છે.

નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પહેલા કેન્દ્ર સરકારે માઈક્રોન ટેકનોલોજીના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી હતી.

કમ્પ્યુટર, મોબાઈલ સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે અનિવાર્ય સેમિકન્ડક્ટર ચિપ ભારતમાં જ બનતી થાય એ માટે સરકારે કમર કસી છે. કેન્દ્રીય કમ્યુનિકેશન અને આઈટી મિનિસ્ટર અશ્વિન વૈષ્ણવે કહ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પ્રથમ મેડ ઈન ઈન્ડિયા ચિપ તૈયાર થઈ જશે. અત્યારે દેશમાં ચાર-પાંચ કંપનીઓ ચિપ ઉત્પાદન એકમ સ્થાપવા માટે કામ કરી રહી છે.

અમેરિકી કંપની માઈક્રોને ચિપ ઉત્પાદન માટે ગુજરાતમાં રોકાણની જાહેરાત કરે છે. માઈક્રોન સાથે બીજી નાની-નાની ૨૦૦ સહાયક કંપનીઓ પણ સ્થપાશે, કેમ કે માત્ર એક જ પ્લાન્ટ સ્થાપી દેવાથી માઈક્રોચિપ બની શકતી નથી. માઈક્રોનનો સમાવેશ જોકે જગતની અગ્રણી ચિપ ઉત્પાદક કંપનીઓમાં થાય છે, તેનું ગુજરાતમાં આગમન થાય તો એ બહુ મોટી વાત ગણવી રહી.

વૈષ્ણવના જણાવ્યા મુજબ માઈક્રોન ગુજરાતમાં સરળતાથી પ્લાન્ટ સ્થાપી શકે એટલા માટે ટેક્સ, ફેક્ટરી ડિઝાઈન, જમીનની ફાળવણી વગેરે જેવી કામગીરી પહેલેથી જ પુરી કરી લેવાઈ છે. એટલે કે સરકાર ચિપ ઉત્પાદન માટે ફાઈવ-જી સ્પીડે કામ કરી રહી છે, એમ કહી શકાય. પ્લાન્ટ માટે પાંચ લાખ ચોરસ ફીટની જગ્યા જોઈશે. ફેક્ટરીનું બાંધકામ આ વર્ષે જ ચાલુ કરી દેવાશે. ચિપ ઉત્પાદન માટે અવિરત વીજળી અને લાખો લીટર પાણીની જરુર પડે છે. એ ઉપરાંત ચિપ અત્યંત ક્લિન હોય એવા સ્થળે જ બની શકે. એ ક્લિન રુમ આવતા વર્ષે તૈયાર થશે.

માઈક્રોચિપ એ આધુનિક યુગની સૌથી મોટી જરુરીયાત છે અને જે દેશ તેના ઉત્પાદનમાં આગળ હશે એ આપોઆપ મહાસત્તા બનશે. અમેરિકાએ પણ પોતાના ઘરઆંગણે ચિપ ઉત્પાદન વધારવા પર ભાર મુક્યો છે.

(Sources : www.divyabhaskar.co.in,
દિવ્ય ભાસ્કર, તા. ૨૩.૬.૨૦૨૩)



# નવા સંસદ ભવનને આકાર આપનારા આર્કિટેક્ટ બિમલ પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૮ મેના રોજ દેશના નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ બાંધકામ કાર્ય સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો એક મહત્વપૂર્ણ ભાગ છે. નવું સંસદ ભવન ગુજરાતના ખ્યાતનામ આર્કિટેક્ટ બિમલ પટેલ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યું છે. દેશમાં પૂરા થયેલા અને ચાલી રહેલા કેટલાક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પાછળ પણ તેમનું નામ જોડાયેલું છે. ચરોતર ભૂમિના સોજિત્રા ગામના વતની હસમુખ પટેલ અને ભક્તિબેનના સુપુત્ર બિમલ પટેલે કાશી વિશ્વનાથ કોરિડોરની ડિઝાઈન પણ તૈયાર કરી છે.

બિમલ પટેલ ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવતા જાણીતા આર્કિટેક્ટ છે. તેઓ શહેરી ડિઝાઇન અને આયોજનમાં નિષ્ણાત છે. બિમલભાઇ 'સેપ્ટ'ના નામે વિખ્યાત અમદાવાદ સ્થિત સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજીના ચેરમેન છે. તેઓ ૨૦૧૨થી આ યુનિવર્સિટીનું નેતૃત્વ કરે છે. આ સાથે તેઓ HCP ડિઝાઇન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડના પ્રમુખ છે. તેમના પિતા હસમુખ પટેલ પણ એક પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ હતા જેમણે ઘણી આઇકોનિક ઇમારતો ડિઝાઇન કરી હતી.

ડૉ. બિમલ પટેલને તેમના કાર્ય માટે અનેક એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમના કાર્ય અને તેમના પ્રોજેક્ટ્સને આર્કિટેક્ચર માટે આગા ખાન એવોર્ડ (૧૯૯૨), વર્લ્ડ આર્કિટેક્ચર એવોર્ડ (૧૯૯૭), યુએન સેન્ટર ફોર હ્યુમન સેટલમેન્ટ્સ એવોર્ડ ઓફ એક્સેલન્સ (૧૯૯૮), આર્કિટેક્ચર રિવ્યુ હાઇ કમ્મેન્ડેશન એવોર્ડ (૨૦૦૧) સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત કરાયા છે. તેઓ શહેરી આયોજન અને ડિઝાઇનમાં શ્રેષ્ઠતા માટે વડાપ્રધાનના રાષ્ટ્રીય પુરસ્કાર (૨૦૦૩) અને HUDCO ડિઝાઇન પુરસ્કાર (૨૦૧૩)ના પ્રાપ્તકર્તા પણ છે. તેમને ૨૦૧૯માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

બિમલ પટેલે સમગ્ર ભારતમાં રહેણાંક, સંસ્થાકીય, વ્યાપારી, આવાસ, ઔદ્યોગિક અને શહેરી ડિઝાઇન અને શહેરી આયોજન પ્રોજેક્ટ્સની શ્રેણી પર કામ કર્યું છે.

બિમલભાઇના મહત્વના પ્રોજેક્ટ્સમાં આગા ખાન એકેડેમી હૈદરાબાદ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ભુજ ડેવલપમેન્ટ સ્કીમ અને ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ, સીજી રોડ રિડેવલપમેન્ટ, કાંકરિયા લેક ડેવલપમેન્ટ, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને સ્વર્ણિમ સંકુલ, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, ગુજરાત હાઈ કોર્ટ, હિંમતનગર કેનાલફ્રન્ટ, IIM અમદાવાદ નવું કેમ્પસનો સમાવેશ થાય છે. આ સિવાય બિમલભાઇએ પ્રખ્યાત કાશી વિશ્વનાથ કોરિડોર પણ ડિઝાઇન કર્યો છે.

(Source : www.gujarat-samachar.com)



# લોથલમાં રૂ.૪૦૦૦ કરોડના ખર્ચે દુનિયાનું સૌથી મોટું નેશનલ મેરીટાઇમ હેરિટેજ કૉમ્પ્લેક્સ બનશે

ગુજરાતીને આગામી સમયમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની જેમ એક નવા આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રવાસન સ્થળની ભેટ મળી શકે છે. ગુજરાતના લોથલમાં દુનિયાના સૌથી મોટા મેરીટાઇમ મ્યુઝિયમનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ૪૦૦ એકર જમીનમાં રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે બની રહેલા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની કામગીરી ત્રણ તબક્કામાં થશે. ૨૦૨૪માં પહેલા તબક્કાની કામગીરી પૂર્ણ થવાનો અંદાજ છે. ૨૦૨૨ના માર્ચમાં આ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરાઇ હતી. નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિશ્વ કક્ષાના આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે ઉભરશે એવી આશા સેવાઇ રહી છે.

આ પ્રોજેક્ટથી સ્થાનિક લોકોને રોજગારી પણ ઉપલબ્ધ થશે. હડપ્પન આર્કિટેક્ચર અને જીવનશૈલીને ફરીથી ઉજાગર કરવા માટે લોથલ મિની રિક્રિએશન, ચાર થીમ પાર્ક - મેમોરિયલ થીમ પાર્ક, મેરીટાઇમ અને નેવી થીમ પાર્ક, ક્લાઇમેટ થીમ પાર્ક અને એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ થીમ પાર્ક જેવી સુવિધાઓ ઊભી થશે. વિશ્વનું ઊંચું લાઇટહાઉસ મ્યુઝિયમ હશે, હડપ્પન સમયથી શરૂ કરીને આજ સુધીના ભારતના સમુદ્રી વારસા પર પ્રકાશ પાડતી ૧૪ ગેલરીઓ તેમજ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ સમુદ્રી વારસાને પ્રદર્શિત કરતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ હશે.

લોથલ અમદાવાદથી ૭૫ કિમી દૂર આવેલું છે. લોથલ, હડપ્પન સંસ્કૃતિ સમયના અગ્રણી શહેરોમાંનું એક હતું અને ૫૦૦૦ વર્ષ જૂના માનવસર્જિત ડોકયાર્ડની શોધ માટે તે જાણીતું છે. નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ ભારતના વૈવિધ્યસભર સમુદ્રી ઇતિહાસને શીખવા અને સમજવા માટે કેન્દ્ર તરીકે કાર્ય કરશે. હેરિટેજ કોમ્પ્લેક્સનું નિર્માણ એ રીતે કરવામાં આવી રહ્યું છે કે ભારતનો સામાન્ય માણસ તેનો ઇતિહાસ સરળતાથી સમજી શકે. લોથલ માત્ર સિંધુ ખીણની સંસ્કૃતિનું મુખ્ય વેપાર કેન્દ્ર જ ન હતું, પરંતુ તે ભારતની સમુદ્રી શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. એક સમય એવો હતો જ્યારે લોથલ બંદર ૮૪ દેશોના ધ્વજથી ચિહ્નિત હતું અને વલભી ૮૦ દેશોના વિદ્યાર્થીઓનું ઘર હતું.

ઉપરાંત દુનિયાનું સૌથી ઊંચું (૭૭ મીટર) અદ્વિતીય લાઇટહાઉસ મ્યુઝિયમ હશે. ૬૦ મીટરની ઊંચાઇએ વ્યૂઇંગ ગેલરી હશે. જ્યાંથી આખા સંકુલને જોઇ શકાશે. કોમ્પ્લેક્સની અંદર પાણી માર્ગે અવરજવરની પણ વ્યવસ્થા હશે. લોથલની મુલાકાત વખતે એક ભવ્ય બગીચાની સફર પણ માણી શકાશે. વિશ્વ કક્ષાના એડવેન્ચર અને એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમની થીમ પર બે હોટેલ જે મ્યુઝિયોટેલ તરીકે ઓળખાશે, અને ૧૦૦ રૂમનો ઇકો રિસોર્ટ હશે.

૧૪ ગેલરી હડપ્પન સમયથી શરૂ કરીને આજ સુધીના પાંચ હજાર વર્ષના ભારતના સમુદ્રી વારસાનો ઇતિહાસ રજૂ કરશે. દરેક ગેલેરીમાં લોકોને સંશોધન આધારિત નવી જ બાબતો જાણવા મળશે. દરેક ગેલેરીમાં ગ્રાફિક્સ, ઓડિયો-વિઝ્યુઅલ સહિત વિવિધ ટેકનોલોજી દ્વારા લોકોને અલગ અનુભૂતિ કરાવાશે. નેવી ગેલરીમાં આઇએનએસ નિશંક સહિત દરિયાઇ હેરિઅર જેટ્સ, ચોપર્સ હશે. ૩૫ એકરમાં નેવી ગેલરીનું નિર્માણ થઇ રહ્યું છે.

(Source : www.divyabhaskar.co.in)